ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬



# આસપાસ ચોપાસ


આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!

## આંકલાવ તાલુકાનું અગ્રીમ હરોળનું ગામ ગંભીરા

# 700 વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના ગોહિલવંશી ઠાકોર ગંભીરસિંહના વસવાટથી જાણીતું ગામ ગંભીરા નામે પ્રચલિત બનેલું છે

આણંદ જિલ્લાના આંકલાવ તાલુકામાં આવેલું ગંભીરા ગામ મહીં નદીના કિનારે વસવાટ ધરાવતા ગામોમાંથી અગ્રીમ હરોળમાં સ્થાન ધરાવે છે. ગંભીરા ગામ મહારાજા સયાજીરાવ ગાયકવાડના વડોદરા રાજ્યના ભાદરણ પ્રાંતના વિભાગમાં હતું. હાલમાં તે લગભગ બે હજાર કરતાં વધુની વસતી ધરાવતું ગામ છે. આ ગામ રેલવે તેમજ પાકા રોડથી 12 થી 15 કિ.મી. દૂર આવેલું છે. ગામની દક્ષિણે 2 કિ.મી. દૂર મહીસાગર નદી વહે છે. બાકીની ત્રણે દિશાએ દૂર દૂર સુધી ફેલાયેલાં ઊંડાં કોતરો છે.

લગભગ 700 વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના ગોહિલ વંશી ઠાકોર ગંભીરસિંહે આ ગામ વસાવેલું છે. તત્કાલીન સમયે જ તેમના નામ પરથી તેનું નામ ગંભીરા રાખેલું તેવી દંતકથા પ્રચલિત છે. પશ્ચિમે એક કિ.મી. દૂર ભખરાદ માતાનું મંદિર છે. ત્યાં મૂળ ગંભીરા ગામ વસેલું હતું. એના જૂના અવશેષો હજુ પણ ત્યાં જોવા મળે છે. જોકે સાતમી સદીથી અવારનવાર મહી નદીનાં પ્રચંડ પૂરના કોપને કારણે સમયાંતરે મૂળગામ નામશેષ થયું છે. જોકે હાલનું ગંભીરા ગામ ઊંચી ટેકરા વાળા વિસ્તારમાં પર વસ્યું છે.




ગંભીરા ગામમાં હાલ ક્રમશ: વિકાસ કાર્યો થયેલા છે. ગામમાં પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે માટે સરકારી યોજનાઓના લાભ મહત્વપૂર્ણ રહ્યો છે. ગામના લોકોને સરળતાથી જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ ગામમાં જ ઉપલબ્ધ થાય તેવુ બજાર ગામમાં ઉપલબ્ધ છે. ગામની વિશાળ ભાગોળે જ નાના મોટા દુકાનદારો જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનુ વેચાણ કરે છે. ગામમાં મુખ્યત્વે પઢીયાર પરમાર સોલંકી પટેલ શાહ વગેરે જાતિ સમુદાયના લોકો વસવાટ કરે છે.

ગંભીરા એક નાનું પણ બડભાગી ગામ છે, વીસમી સદીની શરૂઆતમાં સાહિત્ય, શિક્ષણ અને સંસ્કારની સરિતા અહીં વહેલી છે. જેનો રેલો આજ દિન પર્યંત અહીં વહી રહ્યો છે. આજન્મ કેળવણીકાર, સાહિત્યોપાસક અને સંસ્કારમૂર્તિ કરુણાશંકર ભટ્ટે જે ભૂમિ પર તપ કર્યું તે ભૂમિ તરીકે ગંભીરા ગામ ખુબ જ જાણીતું છે. ગંભીરા ગામમાં મુખ્ય વ્યવસાય ખેતીનો છે. અનાજ, કઠોળ, શાકભાજી તથા તમાકુનો પાક થાય છે. આંકલાવ તાલુકાના ગામોમાં ગંભીરા ગામના કૂવાની સંખ્યા વિશેષ પ્રમાણમાં છે. . આજે 70 કરતાં વધુ કુવા ઉપર એન્જિન પપો ચાલે છે. ગામમાં અનાજ દળવાની ઘંટી, ડાંગર ભરડવાનાં હલરની વ્યવસ્થા જોવા મળે છે.

# ગંભીરા ગામમાં આવેલી એશિયાની એકમાત્ર ભાઠા સહકારી મંડળીના ખેડૂતો સામૂહિક ખેતીથી મબલખ કમાણી કરે છે

સહકારીતા ક્ષેત્રે આણંદ જિલ્લો વર્ષોથી અગ્રેસર રહ્યો છે. ત્યારે આણંદ જિલ્લામાં સામુહિક એટલે કે સહિયારા પ્રયાસોથી આઝાદી સમયથી ધમધમતી એક સહકારી મંડળી પણ આવેલી છે. આ મંડળીએ સંપ ત્યાં જંપની કહેવતને સાર્થક કરી રહી છે. મંડળીમાં હાલમાં 299 ખેડૂતો સહિયારા પ્રયાસોથી ખેતી કરી લાખોની કિંમતનું કાચું સોનું ગણાતા તમાકુના પાકની ઉપજ મેળવે છે વર્ષ 1953માં ભાઠા મંડળીનીં સ્થાપવામાં આવી હતી. આણંદ જિલ્લાના આંકલાવ તાલુકાના ગંભીરા, કોઠીયાખાડ અને નાની શેરડી તેમજ બીલપાડ ગામના ખેડૂતોએ મળીને "મહીસાગર સામુદાયિક ભાઠા મંડળી"ની સ્થાપના કરી છે.

આ મંડળીમાં એક બે નહીં પરંતુ કુલ 299 ખેડૂતો સહિયારા પ્રયાસોથી ખેતી કરી લાખોની ઉપજ મેળવી રહ્યા છે. આઝાદી સમય દરમિયાન મહીસાગર નદી કાંઠે આવેલ 4 ગામની જમીનનું પુર દરમિયાન મોટા પ્રમાણમાં ધોવાણ થયું હતું અને ખેડૂતોને પુરમાં ખરાબ થયેલી જમીનમાં ખેતી કેવી રીતે કરવી એ સવાલ ખટકતો હતો ત્યારે આવા સમયે ગંભીરા ગામના ખેડૂત પુત્ર અને સ્વાતંત્ર્ય સેનાની છગનભાઈ મુળજીભાઈ પટેલને એક વિચાર આવ્યો જેમાં તેમણે મહીસાગર સામુદાયિક ભાઠા મંડળીની સ્થાપના કરી હતી. પૂર દરમિયાન ડૂબાણમાં ગયેલી જમીન સામે મહીસાગર કાંઠે વેરાન જમીનની તત્કાલીન સરકાર સમક્ષ માંગ કરી હતી. ખેડૂતો પ્રત્યેની લાગણીને માન આપી સરકારે 900 એકરની જમીન મંડળીને સુપ્રત કરી હતી. જે વેરાન જમીનને મંડળી સાથે સંકળાયેલ ખેડૂતોએ આકરી મહેનત કરી ખેડાણ લાયક બનાવી અને ખેતીની શરૂઆત કરી હતી.



શરૂઆતમાં ખેડૂતો અને મંડળીને ઘણી સમસ્યા નડી પણ આર્થિક રીતે સક્ષમ એવા મંડળીના સ્થાપક છગનભાઈ પટેલે આર્થિક મદદ કરી ખેડૂતોને ખેતી કરવા પ્રેરણા આપી એક મજબૂત મંડળી બનાવી હતી. હાલ ખેડૂતો જાતે જ સામુહિક રીતે ખેતી કરી ઓછા ખર્ચે મબલખ ઉત્પાદન કરી રહ્યા છે. જેને લઈ આ મંડળી અહીંના ખેડૂતો માટે આશીર્વાદ રૂપ સાબિત થઈ છે.વર્ષ 1953 માં સ્થાપવામાં આવેલ મહીસાગર ભાઠા મંડળી હાલ એશિયામાં ખેડૂતો દ્વારા સ્થાપવામાં આવેલ એક માત્ર મંડળી છે . જ્યા ખેડૂતો જાતે મહેનત કરી રહ્યા છે. મહીસાગર ભાઠા મંડળી પાસે હાલ 525 એકર જમીન છે. જેમાં 299 ખેડૂતો સામુહિક રીતે ખેતી કરે છે અહીં મુખ્યત્વે તમાકુ, બાજરી, ડુંગળી જેવા પાક ખેડૂતો પકવતા હોય છે. જમીનમાં 14 /14 ખેડૂતોની ટુકડી બનાવવામાં આવી છે આ 14 ખેડૂતો દ્વારા સામુહિક રીતે એક બીજાને સોંપવામાં આવેલ જમીનમાં એક સંપ થઈ મજૂરી કરી પાક પકવતા હોય છે. સૌથી મહત્વની વાત તો એ છે કે આ તમામ ખેડૂતો અલગ અલગ પરિવારના છે. અને તેમ છતાં પણ ઘરેથી ભોજન લઈ અરસપરસ ભેગા મળી ખેતી કામ દરમિયાન એક સાથે બેસી ભોજન કરતા હોય છે.

### સામુદાયિક મંડળી પાસે સ્વભંડોળ એક કરોડ રૂપિયા છે



મંડળી દ્વારા આ તમામ ખેડૂતોને ખેડ ખાતર પાણી અને બિયારણની વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. જેથી ખેડૂતોને ખેતી ખર્ચ માટે નાણાં વ્યાજે કે ઉછીના લેવા પડતા નથી, જ્યારે ખેડૂતો દ્વારા પકવેલ મોલ તૈયાર થઈ જાય છે ત્યારે તેની જાહેર માં પારદર્શક હરાજી કરવામાં આવે છે અને જેના થકી ઉપજના મળેલ નાણાંમાંથી ખેડૂતો 60 ટકા રકમ ચૂકવી આપવામાં આવે છે બાકીની બચેલ 40 ટકા રકમમાંથી ખેડૂતોને આપવામાં આવેલ ખેતી માટેનો ખર્ચ કાપવામાં આવે છે અને વધેલી રકમ ખેડૂતોને બોનસ પેટે ચૂકવી આપવામાં આવે છે. હાલ મંડળી પાસે પોતાનું સ્વભંડોળ એક કરોડ રૂપિયા છે ખેડૂતો માટે 30 ગોડાઉન પણ એકજ સ્થળે બનાવ્યા છે. જ્યારે મંડળીનું વાર્ષિક ટર્ન ઓવર 5 કરોડ છે. મંડળી દ્વારા સ્વભંડોળમાંથી ચાર ગામોમાં અનેક વિકાસના કામો પણ કરવામાં આવે છે. આ સાથે મુશ્કેલીના સમયે ખેડૂતોને જરૂર મુજબ એડવાન્સ નાણાં પણ ચૂકવવામાં આવે છે.

## ગંભીરા ટાઉન ટોક

### -: ગંભીરા ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1585 |
| કુલ વસ્તી | 7939 |
| કુલ પુરૂષો | 4202 |
| કુલ સ્ત્રીઓ | 3737 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 83.88 |
| પુરૂષ સાક્ષરતા દર | 92.37 |
| સ્ત્રી સાક્ષરતા દર | 74.28 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 749 |
| ખેત મજૂર | 1343 |
| સીમાંત વર્ગ | 817 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 330 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 883 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 6029 |
| ગાય | 479 |
| ભેંસ | 5167 |
| અન્ય | 283 |

### -: જમીન ક્ષેત્રફળ :-

1567 હેક્ટર 50 આરે 30 ચો. મી.
ગૌચર 95 હેક્ટર 75 આરે 93 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર
2. તમાકુ
3. બાજરી
4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 03 |
| માધ્યમિક શાળા | 00 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 980 |

### -: આરોગ્ય સુવિધા :-

| | |
|---|---|
| પેટા આરોગ્ય કેન્દ્ર | 01 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1349 |
| ઔધોગિક વિષયક જોડાણ | 00 |
| ખેતી વિષયક જોડાણ | 102 |

### -: એલપીજી ગેસ વ્યવસ્થા :-

| | |
|---|---|
| એલપીજી ગેસ ધારકો | 320 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 1145 |
| BPL કાર્ડ ધારકો | 446 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 107 |

### -: રસ્તાની સુવિધા :-

મેટલ રોડ, ડામર રોડ, અને સીમેન્ટ રોડ

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 200 |
| વિધવા સહાય | 380 |
| ઉજ્જવલા યોજનાના લાભાર્થી | 25 |